ક્રમાંક :- મકવ/મ.૪/૨૦૧૯ /૬૫૦-૭૫૫

કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં- ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા, ગાંધીનગર
તા. ૨૭ /૧૦ / ૨૦૧૯

પરિપત્ર :

આથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને આજ્ઞાનુસાર સૂચના આપવામાં આવે છે કે, આપના નિંયત્રણ હેઠળની સરકારી સંસ્થાઓ/કચેરીમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સંવર્ગમાં વર્ગ-૨ થી વર્ગ-૪ના હોદ્દા પર ફરજ બજાવી વયનિવૃત/સ્વૈ.નિવૃતિ થનાર સરકારી અધિકારી/ કર્મચારીઓના પેન્શન કેસ અધિકૃતિ કરવા માટેની નિયમોનુસારની કાર્યવાહી દ્વારા સમયસર પેન્શન મળી રહે તે માટે અગાઉ અત્રેની કચેરી દ્વારા સૂચનાઓ આપેલ છે. તેમ છતાં અનુભવે જણાયું છે કે વયનિવૃત/સ્વૈ.નિવૃતિ થનાર કર્મચારીઓના પેન્શન કેસ અંગેની કાર્યવાહી નિશ્ચિત સમયે કરવામાં આવતી નથી. જે ઉચિત નથી.

અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તેમના તાબા હેઠળની સરકારી સંસ્થાઓ/કચેરીના વડા તરીકે હોઇ,જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના નિંયત્રણ હેઠળની સરકારી સંસ્થાઓ/કચેરીમાંથી નિવૃત થનાર બિન રાજયપત્રિત(શૈક્ષણિક/બિન શૈક્ષણિક)સરકારી કર્મચારીઓને તેમની નિવૃતિબાદ નિયમોનુસાર મળવાપાત્ર લાભો જેવા કે **(૧) નિવૃતિ સમયની જમા રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા અંગે (૨) નિવૃતિ સમયે મળવાપાત્ર મુસાફરી ભથ્થા(૩) જૂથ વીમા યોજના-૧૯૮૧ અંતર્ગત વિ.મંજૂર કરવા અંગેના તેમજ કર્મચારીની નિવૃતિ સમયે અન્ય નિયમોનુસાર મળવાપાત્ર લાભો ચૂકવવા અંગેના હુકમો સ્વયં કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સક્ષમ સત્તાધિકારી હોઇ,ગુજરાત મુલ્કી સેવા(રજા)(મુસાફરી ભથ્થા)(પગાર આધારિત ભથ્થા)નિયમો,૨૦૦૨ની જોગવાઇ/સરકારશ્રીના નાણાં વિભાગના પ્રવર્તમાન ઠરાવો/ પરિપત્રો/પ્રવર્તમાન જોગવાઇઓ ધ્યાને લઇ નિવૃત થનાર કર્મચારીની નિવૃતિની તારીખે અથવા નિવૃતિ તારીખથી વધુમાં વધુ દિન-૭માં (જૂથ વીમા યોજના-૧૯૮૧ અન્વયે નાણાં વિભાગના વખતો વખતના ઠરાવ સાથે બચત ફાળાની વ્યાજ સહિત ચૂકવણાની ગણતરી માટેના સંલગ્ન પ્રસિધ્ધ થયેલ પત્રકોથી દિન-૭માં)નિયમોનુસાર તેઓને મળવાપાત્ર તમામ નાણાંકીય લાભોનું ચૂકવણું થાય તે બાબત પણ જિલ્લા શિક્ષણાધિકારી સુનિશ્ચિત કરી તે પ્રમાણે કાયમી ધોરણે વ્યવસ્થા ઉભી કરી સમયસર કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.**

જેથી હવે પછી આવી બાબતો પરત્વે પત્રવ્યવહાર ન કરવો પડે તથા આપના નિંયત્રણ હેઠળના દરેક સરકારી અધિકારી /કર્મચારીઓને સમયસર પેન્શન અને આનુષાંગિક લાભો મળી રહે તે માટે સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી સબંધિત કચેરીના વડાની અંગત રહેશે. તથા નિવૃત સરકારી કર્મચારીના કિસ્સામાં થનાર વિલંબ તથા તેના લીધે કોર્ટ કેસ , વિલંબિત ચૂકવણીના વ્યાજ વિગેરેના પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની જવાબદારી જે તે અધિકારી/કર્મચારી/કચેરીના વડાની રહેશે.

સદર પરિપત્ર આપના હસ્તક અને તાબાની તમામ કચેરીઓ /સંસ્થાઓને પરિપત્રથી જાણ કરશો.

આ હુકમનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે

(એસ.જે.પટેલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
(મહેકમ)
ગુ.રા. ગાંધીનગર

Scanned by CamScanner